**કમિશનર શાળાઓની કચેરી**
**વિદ્યા સમીક્ષા કેન્દ્ર,સેક્ટર-૧૯**
**ગુ.રા., ગાંધીનગર-૩૮૨૦૨૧**

---

ક્રમાંક: ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૪/ ૩૪૫૩-૯૮ તા.૨૩/૦૩/૨૦૨૪

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
તમામ

વિષય : ૯૦ કે તેથી વધારે નામાંકન ધરાવતી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ માટે જરૂરી ફર્નિચરની ગ્રાન્ટ ફાળવણી માટેની પધ્ધતિ નિયત થઇ આવવા બાબત.

સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના ઠરાવક્રમાંક: બજેટ/૧૧૨૦૨૦/૪૮/ચ તા.૦૧/૦૧/૨૦૨૪
(૨) સમગ્ર શિક્ષા કચેરીના પત્રક્રમાંક : SSA/MIS/2024/૧૪૧૧૮-૧૯ તા.૧૨/૦૩/૨૦૨૪

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ-૧ અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની ૯૦ કે તેથી વધારે નામાંકન ધરાવતી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ માટે આનુંષાંગિક જરુરી ફર્નિચરની સુવિધા પુરી પાડવામાં આવી રહી છે. જે અંતર્ગત પસંદ પામેલી શાળાઓને ફર્નિચરની સુવિધા ઉભી કરવા સંદર્ભ-૨ ના પત્રની વિગતે કોમ્પ્યુટર લેબ દીઠ રૂ. ૩૪,૦૦૦/- ની સહાય ગુજરાત શાળા શિક્ષણ પરિષદ દ્વારા આપવામાં આવનાર છે.ઉક્ત રકમ સબંધિત શાળાના બેન્ક ખાતામાં સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર દ્વારા જમા કરવામાં આવશે જે માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી દ્વારા સંબંધિત શાળાના જે બેન્ક ખાતામાં સરકારની નિભાવ ગ્રાન્ટ જમા કરવામાં આવતી હોય તે બેન્ક ખાતાની વિગતો નિયત નમૂનામાં પ્રમાણિત નકલ તેમજ Excel Sheet તા.૧૪/૦૩/૨૦૨૪ને ગુરુવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાક સુધીમાં gsssc23pri@gmail.com પર મોકલી આપવા જણાવવામાં આવે છે.

**નોંધ :** આ માહિતિ ફક્ત અંગ્રેજી ફોન્ટમાં મોકલવાની રહેશે અને કોઇ કોલમ ખાલી રાખવી નહીં.

સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર તરફથી સંબંધિત શાળાને ગ્રાન્ટ ફાળવણી થયા બાદ તેનો વપરાશ થયેથી નિયત નમૂનામાં ગ્રાન્ટ યુટીલાઇઝેશન સર્ટીફિકેટ સબંધિત શાળાઓ તરફથી મેળવી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા પ્રતિ સહી કર્યા બાદ સંકલિત કરી અત્રેની કચેરીને મોકલી આપવાનું રહેશે.

નોંધ પર મળેલ માન. નિયામકશ્રીની મંજુરી અન્વયે.

આપનો વિશ્વાસુ,

બિડાણ : પત્રક – સંબંધિત શાળાની યાદી

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

**સવિનય નકલ રવાના જાણ સારૂ :**

- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા કચેરી, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર–૧૭, ગાંધીનગર – ૩૮૨૦૧૭